


RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 177
Dt.: 10-03-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### મિડલ ઈસ્ટ યુદ્ધ અંગે જયશંકરનું સંસદમાં નિવેદન

# ભારતીયોની સુરક્ષા માટે અમે કટિબદ્ધ છીએ, ઊર્જા ક્ષેત્ર પર સરકારની નજર

### વિદેશ મંત્રી જયશંકરે આ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, અમે ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થયો હતો. ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધ અંગે વિદેશ મંત્રી એસ. જયશંકર બંને ગૃહોમાં નિવેદન આપ્યું હતું. પ્રથમ દિવસની કાર્યવાહી માટે સત્તાધારી રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ની આગેવાની કરી રહેલી ભારતીય જનતા પાર્ટી (BJP) અને વિપક્ષી ઈન્ડિયા બ્લોકની નેતા કોંગ્રેસ, બંને પક્ષોએ પોતાના સાંસદોને થ્રી-લાઈન વ્હિપ જાહેર કરી લોકસભામાં હાજર રહેવા જણાવ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકર ઈરાન યુદ્ધ પર રાજ્યસભામાં નિવેદન આપ્યું હતું. જયશંકરે ગૃહમાં માહિતી આપી હતી કે, "ભારત આ વિસ્તારમાં સાર્વભૌમત્વ (Sovereignty)નું સમર્થક છે અને અમારું માનવું છે કે કોઈપણ સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા શોધવો જોઈએ". તેમણે કહ્યું કે, ગલ્ફ રિજનમાં એક કરોડ ભારતીયો રહે છે અને તેમની સુરક્ષા અંગે CCSની બેઠકમાં પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

વિદેશ મંત્રીએ આ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, અમે ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને અમે સતત તેમના સંપર્કમાં છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે અમે જાન્યુઆરીમાં જ અમારા નાગરિકોને ચેતવણી આપી હતી કે તેઓ જેટલી વહેલી તકે સ્વદેશ પરત ફરે. ઈઝરાયલ અને આસપાસના વિસ્તારોમાં રહેલા ભારતીયો માટે અમારા દૂતાવાસે એડવાઈઝરી પણ જાહેર કરી હતી. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો પ્રત્યે પણ સતર્ક છે, કારણ કે આ સંઘર્ષને કારણે સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. સરકાર ઊર્જા ક્ષેત્રની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ભારતીય ગ્રાહકોની જરૂરિયાતો



અમારી પ્રાથમિકતા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જાના ભાવમાં થતા ફેરફાર પર અમે ચાંપતી નજર રાખી રહ્યા છીએ. વડાપ્રધાન મોદીએ છઈ, કતાર, કુવૈત, સાઉદી અરેબિયા, જોર્ડન, ઓમાન અને ઈઝરાયલના વડાપ્રધાનો સાથે વાતચીત કરી છે. હું પણ સતત આ દેશોના વિદેશ મંત્રીઓના સંપર્કમાં છું. અમે અમારા રાજદ્વારી માર્ગો દ્વારા પણ ચર્ચા કરી રહ્યા છીએ. આ ઉપરાંત ઈરાનના વિદેશ મંત્રી અરાગચી સાથે પણ વાત કરવામાં આવી છે. અમે સતત સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છીએ.

તેહરાન, UAE, દુબઈ અને બહેરીનમાં સ્થિત અમારા રાજદ્વારીઓ ભારતીય લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. ભારતીયોને પરત લાવવા માટે અમે ઘણી કોમર્શિયલ ફ્લાઈટ્સનું સંચાલન કર્યું છે. અત્યાર સુધીમાં ૬૭ હજાર ભારતીયો પરત ફરી ચૂક્યા છે. ખાડી દેશોમાં ફસાયેલા અન્ય તમામ ભારતીયોને પાછા લાવવા માટે પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે.

મિડલ ઈસ્ટની ગંભીર સ્થિતિને જોતાં અમે ખાડી દેશોમાં રહેતા ભારતીય લોકો માટે અનેક એડવાઈઝરી જાહેર કરી હતી. ઈરાનમાં રહેતા તમામ લોકોને તાત્કાલિક ત્યાંથી નીકળી જવાની સલાહ આપવામાં આવી હતી. ઈરાનમાં ભારતીય દૂતાવાસ સંપૂર્ણપણે કાર્યરત છે અને અમે આ વિસ્તારોમાં રહેતા તમામ ભારતીય સમુદાયના લોકોને મદદ કરવા માટે તત્પર છીએ. એક તરફ એસ. જયશંકર મિડલ ઈસ્ટના તણાવ અંગે સરકારનો પક્ષ રજૂ કરી રહ્યા હતા, તો બીજી તરફ વિપક્ષી સાંસદોનો હોબાળો ચાલુ રહ્યો હતો. તેઓ સરકાર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા અને ગૃહની કાર્યવાહીમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

### ચીનને અબજો ડોલરનું નુકસાન

## યુદ્ધ અમેરિકા-ઈરાનમાં પણ મોટો લાભ થયો રશિયાને!

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

વિશ્વમાં એકતરફ છેલ્લા ચાર વર્ષથી રશિયા-યુક્રેનનું યુદ્ધ ચાલી રહ્યું છે, તો બીજીતરફ અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર ભાયનક હુમલા કરી રહ્યું છે. હુમલામાં સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન વધુ અક્રમક બની ગયું છે અને તે અમેરિકા-ઈઝરાયલ સાથે લડવાની સાથે પડોશી દેશો કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, બહેરીન સહિતના દેશો પર મિસાઈલો ઝિંકી રહ્યું છે. મધ્ય-પૂર્વમાં આ ભયાનક પરિસ્થિતિની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. ઈરાને વેપાર માટેનો સૌથી વ્યસ્ત જળમાર્ગ હોર્મુઝ પર કોઈપણ કન્ટેનરની અવર-જવર પર પ્રતિબંધ મુકી દીધો છે, જેના કારણે ત્યાં ક્રૂડ ઓઈલનો જથ્થા સહિતના ઉત્પાદનો અટકી પડ્યા છે. આ કારણે ક્રૂડ ઓઈલના ભાવો આસમાને પહોંચી ગયા છે, શેર માર્કેટ ક્રેશ થવા લાગ્યું છે, વૈશ્વિક સપ્લાયનો માર્ગ તૂટી જવાથી ખાતરથી ખોરાક સુધી અનેક મુશ્કેલી ઉભી થઈ છે. યુદ્ધની વર્તમાન સ્થિતિ મુજબ, જો યુદ્ધ બંધ નહીં થાય તો વિશ્વના અનેક દેશો ભૂખમરાનો શિકાર બની જશે. યુદ્ધમાં અબજો રૂપિયા વેડફી નખાયા છે, પરંતુ તેનો સૌથી મોટો લાભ રશિયાનો થયો છે. યુદ્ધના કારણે રશિયાનો ખજાનો ભરાઈ રહ્યો છે, જ્યારે ચીનને અબજો ડૉલરનું નુકસાન થઈ રહ્યું છે. મધ્ય-પૂર્વના યુદ્ધ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બંધ થવાના કારણે વૈશ્વિક માર્કેટમાં તેલ અને ગેસની કિંમતો આસમાને પહોંચી ગઈ છે. પ્રતિ બેરલ ક્રૂડ તેલની કિંમત ૧૧૦ ડૉલર પાર પહોંચી ગઈ છે. ઈરાને હોર્મુઝનો માર્ગ બંધ કરી દેતા રશિયન તેલની માંગમાં ધરખમ વધારો થયો છે. થોડા મહિનાઓ પહેલા જ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત વિશ્વના દેશોને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ન ખરીદવાનો આદેશ આપ્યો હતો અને આ માટે તેમણે દબાણ પણ કર્યું હતું. ત્યારે હવે સ્થિતિ બદલાઈ ગઈ છે અને અમેરિકા ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવાની વાત કહી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા વારંવાર કહેતું હતું કે, જે દેશો રશિયા પાસેથી તેલ ખરીદે છે, રશિયા તેઓના નાણા યુદ્ધ પાછળ વાપરી રહ્યું છે. આ કારણે અમેરિકા સહિત પશ્ચિમ દેશોએ રશિયન તેલ આયાત પર પ્રતિબંધ ઝિંકી દીધો હતો. ત્યારબાદ રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને તેલ પર ભારે ડિસ્કાઉન્ટની ઓફર કરી હતી, જેનો ભારત અને ચીને પૂરો ફાયદો ઉઠાવીને રશિયા પાસેથી સસ્તુ તેલ ખરીદી રહ્યા હતા. રશિયા યુદ્ધનો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યું છે. રશિયાએ પોતાના તેલ પરનું ડિસ્કાઉન્ટ ઘટાડી દીધું છે. ૨૮ ફેબ્રુઆરી પહેલા પ્રતિ બેરલ રશિયન તેલ પર ૧૦થી ૧૩ ડૉલરના ડિસ્કાઉન્ટ હતું, જોકે હવે તે ઘટીને ચારથી પાંચ ડૉલર કરી દેવાયું છે. ભારતીય ઓઈલ કંપની HPCLએ ફેબ્રુઆરીમાં ૧૩ ડૉલરના ડિસ્કાઉન્ટ પર રશિયા પાસેથી તેલના બે કાર્ગો મંગાવ્યા હતા, જોકે હવે તમામ દેશો માટે આ ડિસ્કાઉન્ટ બંધ કરી દેવાયું છે. એટલે કે, આ યુદ્ધથી રશિયન સરકારી ખજાનો ભરાશે. હાલ રશિયન ક્રૂડ ઓઈલની માંગ વધી રહી છે. માત્ર ભારત જ નહીં યુરોપીયન દેશ પણ રશિયા પાસેથી ખરીદી કરવાનું વિચારી રહ્યા છે. ઈરાનમાં યુદ્ધના કારણે ચીનને ડબલ ફટકો પડ્યો છે. ચીન ઈરાની તેલનો સૌથી મોટો ખરીદદાર હતો અને ભારે ડિસ્કાઉન્ટ પર ક્રૂડ તેલ ખરીદી રહ્યો હતો. ઈરાનનું ૯૦ ટકા તેલ ચીન પહોંચતું હતું, જોકે યુદ્ધના કારણે આ સ્રોત બંધ થઈ ગયો છે. એટલું જ નહીં ચીનના ૪૦૦ અબજ ડૉલર પણ ફસાઈ ગયા છે. કેટલાક દાયકાઓથી ચીન ઈરાન સાથે મિત્રતા વધારી રહ્યું છે. આ જ કારણે તેણે ઈરાનમાં ભારે રોકાણ કર્યું છે. માર્ચ-૨૦૨૧માં ચીન-ઈરાને ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા હતા. ચીને ઈરાનમાં બેલ્ટ એન્ડ રોડ અનિશિએટિવ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એનર્જી ઈન્વેસ્ટમેન્ટમાં ૪૦૦ અબજ ડૉલરનું રોકાણ કરવાનું વચન આપ્યું છે, જોકે અમેરિકાના હુમલાના કારણે ચીનની યોજના પર પાણી ફરી ગયું છે. ક્રૂડ અને રોકાણ... બંને ચીનના હાથમાંથી સરકી ગયા છે.

## જંગ ખતમ કરવાનો નિર્ણય નેતન્યાહુ સાથે ચર્ચા-વિચારણા કરી લેવાશેઃ ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ પર ટ્રમ્પનું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાનની સાથે જંગ ક્યારે ખતમ થશે? છેલ્લા ૧૦ દિવસથી મિડલ ઈસ્ટમાં વિધ્વંસ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં સંકટ ત્યારે શરૂ થયું જ્યારે અમેરિકા અને ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલો કર્યો, જેમાં સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થઈ ગયું હતું. રવિવારે ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલ સાથે વાત કરતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ કે તેહરાનની સાથે જંગ ખતમ કરવાનો નિર્ણય નેતન્યાહુ સાથે ચર્ચા-વિચારણા કરી આપસી સહમતિથી લેવામાં આવશે. નાના ટેલીફોનિક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે તે પણ કહ્યુ કે જો તે અને નેતન્યાહુ દખલ ન આપી હોત તો ઈરાને ઈઝરાયલને ખતમ કરી દીધું હોત. તેમણે કહ્યું- ઈરાન ઈઝરાયલ અને તેની આસપાસની દરેક વસ્તુ ખતમ કરવાનું હતું.. અમે સાથે મળી કામ કર્યુ છે. અમે એક એવા દેશને ખતમ કરી દીધો છે, જે ઈઝરાયલને ખતમ કરવા ઈચ્છતો હતો. ઈરાન સામે જંગ ખતમ કરવાને લઈને ટ્રમ્પે કહ્યુ- મને લાગે છે કે આ આપસી છે.... થોડું.. અમે વાત કરી રહ્યાં છીએ. હું યોગ્ય સમય પર નિર્ણય લઈશ, પરંતુ દરેક વસ્તુનું ધ્યાન રાખવામાં આવશે. તેમનો આ ઈશારો કહે છે કે નેતન્યાહુનું ઈનપુટ તો હશે, પરંતુ અંતિમ નિર્ણય અમેરિકી રાષ્ટ્રપતિ લેશે.

## BJP એ ડેપ્યૂટી CM હર્ષ સંઘવીને સોંપી મોટી જવાબદારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હરિયાણામાં રાજ્યસભાની બે બેઠકો માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા બાદ રાજકીય પક્ષોની ચિંતા વધી ગઈ છે. આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને રાજ્યમાં કેન્દ્રીય નિરીક્ષકની નિમણૂક કરી છે.

પક્ષના મહાસચિવ અને મુખ્યાલય પ્રભારી અરુણ સિંહ દ્વારા જારી કરાયેલ એક પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાત સરકારમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજ્યસભા ચૂંટણી માટે કેન્દ્રીય નિરીક્ષક રહેશે.

તમને જણાવી દઈએ કે હરિયાણાથી સંજય ભાટિયા (BJP) અને કર્મવીર સિંહ બૌદ્ધ (કોંગ્રેસ) એ ઉમેદવારી પત્ર ભર્યા છે. આ બેઠકો ભાજપના રાજ્યસભા સાંસદો કિરણ ચૌધરી અને રામચંદ્ર જાંગડાનો કાર્યકાળ પૂર્ણ થવાને કારણે ખાલી પડી છે. ભાજપના નેતા સતીશ નાંદલે પણ અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે, જેના કારણે મુકાબલો રસપ્રદ બની ગયો છે. હવે બે બેઠકો માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં હોવાથી ચૂંટણી કઠિન બની શકે છે.

ભૂતપૂર્વ સાંસદ સંજય ભાટિયાએ મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની અને અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરીમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. ભાટિયાને કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટરના નજીકના માનવામાં આવે છે. તેમની પાસે સંગઠનાત્મક રાજકારણનો લાંબો અનુભવ છે અને તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે પણ જોડાયેલા રહ્યા છે. તેઓ અગાઉ ભાજપના રાજ્ય મહાસચિવ પણ રહી ચૂક્યા છે. સંજય ભાટિયા સંસદની ગૃહ બાબતોની સ્થાયી સમિતિ, સાંસદોના વેતન અને ભથ્થાંની સંયુક્ત સમિતિ અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયની પરામર્શ સમિતિના સભ્ય પણ રહી ચૂક્યા છે.

બીજી તરફ, કોંગ્રેસે દલિત વોટ બેંકને મજબૂત કરવા માટે કર્મવીર સિંહ બૌદ્ધને પ્રથમ વખત ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. કર્મવીર સિંહ બૌદ્ધ રાજ્ય સિવિલ સચિવાલયમાં વહીવટી અધિકારીના પદ પરથી નિવૃત્ત થયા છે. આ ઉપરાંત રોહતકના બોહર ગામના રહેવાસી સતીશ નાંદલે પોતાની ઉમેદવારી નોંધાવી છે. તેમની સાથે અપક્ષ ધારાસભ્ય સાવિત્રી જિંદાલ, દેવેન્દ્ર કાદિયાન અને રાજેશ જૂન હાજર હતા. ઉમેદવારી નોંધાવતા પહેલા નાંદલે કહ્યું હતું કે કેટલાક ધારાસભ્યોએ સૂચન કર્યું હતું કે એક અપક્ષ ઉમેદવાર પણ ચૂંટણી મેદાનમાં હોવો જોઈએ, તેથી તેમણે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો. નાંદલ અગાઉ ઈન્ડિયન નેશનલ લોકદળ (INLD) ના નેતા રહી ચૂક્યા છે અને તેઓ ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાના રાજકીય પ્રતિસ્પર્ધી માનવામાં આવે છે.

### ભૂલથી રહેણાંક વિસ્તારમાં પડી, ઈરાને ઈઝરાયલ પર કેર વરસાવ્યો

## બહેરીનમાં અમેરિકાની પેટ્રિયટ ઈન્ટરસેપ્ટરમાં ખામી સર્જાઈ

### ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર નવા સુપ્રીમ લીડર બનતાં જ મોજતબા ખામેનેઈએ ઈઝરાયલ પર હુમલો કરવાની પરવાનગી આપી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)બહેરીન

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને ૯ દિવસ પૂરાં થઈ ગયા છે ત્યારે ૧૦મા દિવસની શરૂઆતમાં જ ઈરાનમાં નવા સુપ્રીમ લીડરના નામની જાહેરાત કરી દેવામાં આવી જેનાથી અમેરિકા અને ઈઝરાયલ બંને ખિજાયા હતા. આ સાથે નવા લીડર બનતા જ મોજતબા ખામેનેઈ જે આયતુલ્લા ખામેનેઈના દીકરા છે તેમણે ઈઝરાયલ પર કેર વરસાવવાની શરૂઆત કરી દીધી હતી. બહેરીનથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવી રહ્યા છે. અહીં અમેરિકાની પેટ્રિયટ ઈન્ટરસેપ્ટર એટલે કે ડિફેન્સ સિસ્ટમમાં ખામી સર્જાી હતી.

તેણે ઈરાનની મિસાઈલોને નિશાન બનાવવાની જગ્યાએ બહેરીનના જ રહેણાંક વિસ્તારોને નિશાન બનાવતા સવાલો ઊઠ્યા હતા. ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર નવા સુપ્રીમ લીડર બનતાં જ મોજતબા ખામેનેઈએ ઈઝરાયલ પર હુમલો કરવાની પરવાનગી આપી હતી. જેના બાદથી ઈઝરાયલ સામે અનેક મિસાઈલ અને ડ્રોન ઝીંકવામાં આવ્યા હતા. આ હુમલા બાદ ઈઝરાયલના અનેક વિસ્તારોમાં હાહાકાર મચી ગયો છે.

## પુતિને નવા સુપ્રીમ લીડરને પાઠવ્યા અભિનંદન, ટ્રમ્પે આપી ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ઈરાનના નવા સુપ્રીમ લીડર જાહેર થયેલા મોજતબા ખામેનેઈને અભિનંદન પાઠવ્યા છે. પુતિને કહ્યું છે કે, તેઓ પિતાનું કામ સન્માન સાથે આગળ વધારશે. અમેરિકા-ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો, જેમાં ૫૬ વર્ષિય મોજતબાના પિતા અને ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈનું મોત થયું હતું. ત્યારબાદ સર્વોચ્ચ નેતા તરીકે મોજતબાનું નામ સૌથી આગળ હતું. રશિયન રાષ્ટ્રપ્રમુખ પુતિન વિશ્વના તે ખાસ નેતાઓમાંથી એક છે, જેમણે ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈને સૌપ્રથમ અભિનંદન પાઠવ્યા છે. ક્રેમલિનના સત્તાવાર નિવેદનમાં પુતિને કહ્યું છે કે, 'મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, તેમે તમારા પિતાના કામને સન્માન સાથે આગળ વધારવાનું ચાલુ રાખશો અને વર્તમાન પડકારજનક સ્થિતિમાં ઈરાનના લોકોને એક કરશો. હું મારા તરફથી ઈરાનને સંપૂર્ણ સમર્થન જાહેર કરું છું અને ઈરાની મિત્રો સાથે અમારી એકતાની પુષ્ટી કરું છું.'

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના નવા સુપ્રીમ લીડરને ધમકી આપી છે. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, 'ઈરાનના નવા લીડર પણ અમેરિકાના હુમલામાં માર્યા જશે. તેઓ વોશિંગ્ટનની મંજૂરી વગર વધુ દિવસ નહીં ટકે.

### રાંધણ ગેસ બુકિંગના નિયમમાં મોટો ફેરફાર

## હવે ૨૫ દિવસ પછી જ મળશે નવો ગેસનો બાટલો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભયંકર યુદ્ધના પડઘા હવે આપણા રસોડા સુધી પહોંચી ગયા છે. કાળાબજારી અને સંગ્રહખોરીને કડક રીતે રોકવાના હેતુથી ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલયે સમગ્ર દેશમાં રાંધણ ગેસના બાટલાના બુકિંગના નિયમોમાં તાજેતરમાં જ એક બહુ મોટો અને કડક ફેરફાર કર્યો છે. આ નવા નિયમ મુજબ, હવે ગ્રાહકોએ બે ગેસના બાટલા બુક કરાવવા વચ્ચે ૨૫ દિવસની લાંબી રાહ જોવી પડશે. સરકારે ૭ માર્ચના રોજ આ કડક નિર્ણય એટલા માટે લીધો છે જેથી કોઈ પણ વ્યક્તિ ગેરકાયદેસર રીતે ગેસનો સંગ્રહ ન કરી શકે. જોકે મંત્રાલયે લોકોને પૂરી ખાતરી આપી છે કે દેશમાં હાલ પૂરતી પેટ્રોલ, ડીઝલ કે રાંધણ ગેસની કોઈ જ અછત નથી.

સરકારના આ નવા આદેશ મુજબ, પહેલા રાંધણ ગેસનો બાટલો ૧૫ દિવસે બુક કરાવી શકાતો હતો. માત્ર ત્રણ દિવસ પહેલા જ આ સમયગાળો વધારીને ૨૧ દિવસ કરવામાં આવ્યો હતો. પણ હવે સરકારે તેમાં ફરીથી સુધારો કરીને આ સમય સીધો ૨૫ દિવસનો કરી નાખ્યો છે. એટલે કે, સીધી અને સાદી ભાષામાં સમજીએ તો, જો તમે આજે ગેસનો બાટલો નોંધાવ્યો હોય, તો તમારે બીજો નવો બાટલો નોંધાવવા માટે ફરજિયાત ૨૪ દિવસનો સમય પસાર થવા દેવો જ પડશે. ૨૫મા દિવસે જ તમે નવો બાટલો બુક કરાવી શકશો. આ નિયમથી સામાન્ય અને મોટા પરિવારોને થોડી મુશ્કેલી પડી શકે છે, પણ કાળાબજારી અટકાવવા માટે આ પગલું અત્યંત જરૂરી હોવાનું સરકારનું માનવું છે.




## તંત્રી લેખ......

### ફરી હોબાળો થવાની શક્યતા, અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો હોબાળાથી શરૂ થવાની શક્યતા આશ્ચર્યજનક નથી. સંસદનું દરેક સત્ર હોબાળાથી શરૂ થાય છે, અને ક્યારેક આખું સત્ર તેમાં ખોવાઈ જાય છે. બજેટ સત્રના બીજા તબક્કામાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સામેના અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ થવાની ધારણા છે, અને ઈરાન પર ઈઝરાયલ-અમેરિકાના હુમલા અંગે વિપક્ષ સરકારને ઘેરી લે છે ત્યારે આરોપો અને પ્રતિ-આરોપોની શ્રેણી જોવા મળશે.

લોકસભા અધ્યક્ષ સામે વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા ગમે તેટલી ગરમાગરમ હોય, તેનું પરિણામ નિશ્ચિત છે. શાસક પક્ષની બહુમતી અને સત્ર શરૂ થતાં પહેલાં વડા પ્રધાન દ્વારા સ્પીકરની પ્રશંસાને ધ્યાનમાં રાખીને, તેઓ ઘમંડી અને બેકાબૂ વિદ્યાર્થીઓને કેવી રીતે સંભાળવું તે જાણે છે, તે સ્પષ્ટ છે કે તેઓ શાસક પક્ષને ઓમ બિરલા પાછળ એક થવાનો સંદેશ આપી રહ્યા છે.

આ અવિશ્વાસ પ્રસ્તાવ ફ્લોર ટેસ્ટ તરફ દોરી શકે છે, કારણ કે ભાજપ અને કોંગ્રેસ બંનેએ તેમના લોકસભા સભ્યોને ૯-૧૦ માર્ચે ગૃહમાં હાજર રહેવા માટે વ્હીપ જારી કર્યા છે. જ્યારે ઉપલા ગૃહને વડીલોનું ગૃહ તરીકે ઓળખવામાં આવે છે, અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેના સભ્યો પક્ષના હિતોથી આગળ વધીને વધુ ધીરજ અને સંયમ સાથે તમામ મુદ્દાઓ પર ચર્ચા કરશે, સત્ય એ છે કે, લોકસભાની જેમ, રાજ્યસભામાં પણ હવે હોબાળાના દ્રશ્યો સામાન્ય બની ગયા છે.

બજેટ સત્રના બીજા તબક્કા પહેલા, કોંગ્રેસ સહિત અનેક પક્ષોએ ઈરાન પર ઈઝરાયલી-અમેરિકન હુમલા અને ઈરાનના સુપ્રીમ લીડર, આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ પર નિવેદન આપવાની માંગ કરી છે. જોકે સરકારે ખામેનીના મૃત્યુ પર શોક વ્યક્ત કરી ચૂકી છે, પરંતુ કોંગ્રેસ સહિત અનેક વિપક્ષી પક્ષો સરકારને તેમની ઈચ્છા અનુસાર નિવેદન જારી કરવાનો આગ્રહ રાખી શકે છે. વિપક્ષી પક્ષો એ વાતથી અજાણ ન હોઈ શકે કે ઈઝરાયલ, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના લશ્કરી સંઘર્ષથી સર્જાયેલી જટિલ પરિસ્થિતિ એવી છે કે જ્યાં સરકાર ખુલ્લેઆમ કોઈ એક પક્ષને ટેકો આપી શકતી નથી. કેન્દ્રમાં લાંબા સમયથી સત્તામાં રહેલી કોંગ્રેસ આ પરિસ્થિતિથી સારી રીતે વાકેફ છે, છતાં તે આ મુદ્દા પર પોતાની સંકુચિતતા દર્શાવનારી પહેલી વ્યક્તિ હોઈ શકે છે.

પશ્ચિમ એશિયા કટોકટી પ્રત્યે સરકારના અભિગમની ટીકા કરતા સોનિયા ગાંધીના લેખમાં આ સ્પષ્ટ થાય છે. ઓછામાં ઓછું, કોંગ્રેસે સમજવું જોઈએ કે વિદેશ નીતિ દેશની છે, કોઈ પક્ષ કે સરકારની નહીં, અને શાસક પક્ષ અને વિપક્ષે તેના પર માત્ર સર્વસંમતિ જ નહીં પણ તેનું પ્રદર્શન પણ કરવું જોઈએ.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં "નારી ગૌરવ સંવાદ અને માતા યશોદા એવોર્ડ વિતરણ" કાર્યક્રમ યોજાયો

મુખ્યમંત્રી શ્રી ભપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા યોજાયેલા "નારી ગૌરવ સંવાદ અને માતા યશોદા એવોર્ડ વિતરણ" કાર્યક્રમમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય અને દેશના સર્વાંગી વિકાસમાં મહિલાશક્તિનું અમૂલ્ય યોગદાન છે.

આ કાર્યક્રમમાં રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલ ઉપરાંત વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

આ સમારોહમાં મહિલા કલ્યાણ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ એક શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા અને એક શ્રેષ્ઠ મહિલા કાર્યકરને "ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર"થી મુખ્યમંત્રીશ્રીએ સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત રાજ્યના ચાર ઝોનમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને "માતા યશોદા એવોર્ડ" પણ એનાયત કરવામાં આવ્યા હતા.

રમત-ગમત, સામાજિક, સંરક્ષણ, ઉદ્યોગ, કલા-સંસ્કૃતિ અને શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોની મહિલા અગ્રણીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ પ્રત્યક્ષ સંવાદ કરીને મહિલા ઉત્કર્ષ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને મહિલાઓના કલ્યાણ તથા સ્વાસ્થ્ય સુરક્ષા માટેની રાજ્ય સરકારની પ્રોત્સાહક યોજનાઓની છણાવટ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર હંમેશા 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્ર સાથે મહિલાઓની પડખે ઊભી રહી છે અને ભવિષ્યમાં પણ રહેશે એવો વિશ્વાસ શ્રી ભૂપેન્દ્ર પટેલે આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહિલાઓ જ્યારે ઘરનો ઉંબરો ઓળંગીને નવું સાહસ કરે છે, ત્યારે અનેક સામાજિક પડકારો સામે આવે છે. પરંતુ, આ અવરોધોને પાર કરીને સફળ થયેલી મહિલાઓ દેશની અન્ય લાખો બહેનો માટે પ્રેરણાનું કિરણ બને છે. તેમણે આ કાર્યક્રમમાં ઉપસ્થિત સાહસિક મહિલાઓને સમાજના સાચા 'રોલ મોડેલ' ગણાવ્યા હતા.

ગુજરાતમાં નારી સશક્તિકરણના મોડેલ અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી જ તેમણે મહિલાઓના ઉત્કર્ષ માટે અનેકવિધ નવતર પહેલો કરીને રાજ્યની અનેક મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં સહાયતા કરી છે. રાજ્યમાં હાલ ૨.૭૦ લાખથી વધુ સખીમંડળો કાર્યરત છે. આ મંડળોના માધ્યમથી રાજ્યની લાખો બહેનોને કૌશલ્યવર્ધન તાલીમ આપીને રોજગારી સાથે જોડવામાં આવી છે. આ આંકડાઓ જ સાબિત કરે છે કે, મહિલાઓ રાજ્યના આર્થિક નિર્માણમાં મજબૂત ભાગીદાર છે.

ગુજરાતની દીકરીઓ વિજ્ઞાન અને એન્જિનિયરિંગ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ડંકો વગાડે તે માટે રાજ્ય સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યની વધુમાં વધુ દીકરીઓ વિજ્ઞાન પ્રવાહ તરફ વળે તે માટે સરકારે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી ક્રાંતિકારી યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓ હેઠળ ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસ માટે વિદ્યાર્થિનીઓને રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૭૫,૦૦૦ સુધીની સહાય આપીને શિક્ષણ માટે પ્રેરિત કરવામાં આવે છે.

મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટાર્ટઅપ્સને યોગ્ય પ્રોત્સાહન આપીને રાજ્યમાં એક મજબૂત ઈકોસિસ્ટમનું નિર્માણ કર્યું છે, તેનો અનેક મહિલા ઉદ્યોગ સાહસિકોને લાભ મળ્યો છે. રાજ્યની વધુમાં વધુ મહિલાઓને ઉદ્યોગ સાહસિકતા તરફ વાળીને તેમને 'જોબ સીકરમાંથી જોબ ગીવર' બનાવવાનો અમારો મક્કમ નિર્ધાર છે તેમ મુખ્યમંત્રીશ્રીએ દ્રઢતાપૂર્વક ઉમેર્યું હતું.

ખાસ કરીને 'હોમ-બેઝ્ડ સ્ટાર્ટઅપ' કરતી બહેનોને પ્રોત્સાહન આપવા માટે આગામી સમયમાં તેમને યોગ્ય કેટેગરીમાં સમાવી વધુ આર્થિક મદદ પૂરી પાડવાની દિશામાં સરકાર સક્રિય વિચારણા કરી રહી છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનીષાબેન વકીલે રાજ્યની નારીશક્તિના પ્રદાનને બિરદાવ્યું હતું. આ વર્ષના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે, જ્યારે આપણે સમાજને કંઈક આપીએ છીએ ત્યારે જ સાચા અર્થમાં આપણે ઘણું પાછું મેળવીએ છીએ. મહિલાઓ કુદરતી રીતે જ ત્યાગ અને સમર્પણની ભાવના ધરાવે છે. આ મંત્ર મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે વધુ સદ્ધર બનાવવાની સાથે સમાજમાં તેમના યોગદાનને નવી ઓળખ અપાવશે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, રાજ્ય સરકાર મહિલાઓના શિક્ષણ, સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે કટિબદ્ધ છે અને 'નારી ગૌરવ સંવાદ' જેવા કાર્યક્રમો દ્વારા મહિલાઓના પ્રશ્નો અને તેમના સૂચનો સીધા સરકાર સુધી પહોંચે અને યોગ્ય સુધારાત્મક ઉપાયો-પગલાંઓ લઈ શકાય તેવા ઉદ્દેશ્યથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ પદ્મશ્રી એવોર્ડી મહિલાઓ, નીતિ આયોગ દ્વારા પુરસ્કૃત મહિલાઓ, સામાજિક ક્ષેત્રે કામગીરી કરતી મહિલાઓ, રમત-ગમત અને કલા જગતની ખ્યાતનામ મહિલાઓ, શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી રહેલી મહિલાઓ ઉપરાંત રાજ્યની સાંસ્કૃતિક હસ્તકલા સાથે જોડાયેલી પ્રતિભા સંપન્ન મહિલાઓ સાથે પ્રત્યક્ષ સંવાદ કર્યો હતો. આ નારીરત્નોએ પણ રાજ્ય સરકારના મહિલા કલ્યાણ માટેના અભિગમ અને આયોજનની સરાહના કરી હતી.

મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકરે સૌનું શાબ્દિક સ્વાગત કરીને સમગ્ર કાર્યક્રમની ભૂમિકા આપી હતી.

ઝહ્વજી કમિશનર શ્રી રણજીત કુમાર સિંહ તેમજ વિભાગના અધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગરના આરોગ્ય વિભાગના ૧૨૦૦ કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી પગાર મળ્યો નથી

**સરકારી તાયફાઓ પાછળ કરોડો રૂપીયા ખર્ચ કરતી સરકાર પાસે વિભાગના કર્મચારીઓને પગાર કરવા પુરતી ગ્રાન્ટ નથી ?**




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ૧૨૦૦ થી વધુ કર્મચારીઓને છેલ્લા બે મહિનાનો પગાર ન મળતા મુશ્કેલીમાં મુકાયા છે. નેશનલ હેલ્થ મિશનના કાર્યક્રમમાં ફરજ બજાવતા ડોકટરો , નર્સિંગ સ્ટાફ, હેલ્થ વર્કરોને ગ્રાન્ટના અભાવે પગાર ન થયાનુ જાણવા મળી રહ્યુ છે. આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ કે ૧૨૦૦ કર્મચારીઓના પગારની બાબતની સરકારને જાણ કરવામાં આવી છે. ગ્રાન્ટ આવતાની સાથે તમામ કર્મચારીઓના બીલો બનાવીને પગારની ચુકવણી કરી દેવામાં આવશે.

સુરેન્દ્રનગર જીલ્લામાં આવેલા પીએચસી, આરબીએસકે વિભાગમાં ફરજ બજાવતાં ડોકટરો, સીએચઓ, નર્સિંગ સ્ટાફ, હેલ્થ વર્કર, ટેકનીકલ સ્ટાફ સહિતના અલગ અલગ વિભાગોમાં ફરજ બજાવતા ૧૨૦૦ થી વધુ કર્મચારીઓને જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાનો પગાર હજુ સુધી મળ્યો નથી. સુરેન્દ્રનગર આરોગ્ય વિભાગ દ્વારા જે પગારના બીલોની ચુકવણી કરવામાં આવી રહી હતી. તે હવે ટ્રેઝરી ઓફીસને કામગીરી સોંપવામાં આવી છે. જેને લઈ પગાર અનિયમિત થવા લાગ્યો છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓના કહેવા પ્રમાણે નેશનલ હેલ્થ મિશન પ્રોજેકટમાં ફરજ બજાવતા કર્મચારીઓ છેલ્લા બે મહિનાથી પગાર થી વંચિત છે. ત્રીજો મહિનો ચાલુ છે. ૧૨૦૦ થી વધુ કર્મચારીઓ પગાર વગર પોતાનુ જીવન ધોરણ ચલાવવા માટે મજબુર બની રહ્યા છે. કામ કર્યુ હોવા છતાં પણ તેમને પગાર મળ્યો નથી.

આરોગ્ય વિભાગ પાસે પુરતી ગ્રાન્ટ ન હોવાના કારણે આ પ્રકારની પરીસ્થિતિનુ નિર્માણ થયુ હોવાનુ કહેવાય છે. એક તરફ આરોગ્ય મંત્રી પોતાની ઓફીસમાં આવતા નથી કે મીડીયાના પુછેલા પ્રશ્નોના જવાબો આપી શકતા નથી. ત્યારે કેટલાક તર્કવિતર્ક સર્જાયા છે. જે હોય તે પરંતુ આ કર્મચારીઓને પગાર વહેલી તકે થાય તેવી લોકોની માંગણી ઉઠવા પામી છે.

આ અંગે આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ કે ૧૨૦૦ કર્મચારીઓના પગારની બાબતની સરકારને વારંવાર જાણ કરી છે. ગ્રાન્ટ આવતાની સાથે તમામ કર્મચારીઓના બીલો બનાવીને પગારની ચુકવણી કરી દેવામાં આવશે.

### મજબૂત ડોલર સામે સોનું સસ્તું થયું

# યુદ્ધની વૈશ્વિક બજાર પર ભીષણ અસરઃ ક્રૂડ ઓઈલ $116ને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને યુદ્ધની સીધી અસર હવે વૈશ્વિક બજાર પર જોવા મળી રહી છે. ખાસ કરીને કાચા તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે, જ્યારે મજબૂત ડોલરના કારણે સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો છે.મિડલ ઈસ્ટમાં જંગ બીજા અઠવાડિયામાં પ્રવેશતા જ કાચા તેલની કિંમતો આસમાને પહોંચી છે. તાજેતરના ડેટા મુજબ, WTI Crude Futures માં 28.27% નો જંગી ઉછાળો જોવા મળ્યો છે. હાલમાં તે પ્રતિ બેરલ $116.60 પર ટ્રેડ થઈ રહ્યું છે, જે તેના 52 અઠવાડિયાની સર્વોચ્ચ સપાટી $119.43 ની અત્યંત નજીક છે. હોર્મુઝની સામુદ્રધુની, જ્યાંથી વિશ્વનો 20% તેલ પુરવઠો પસાર થાય છે, ત્યાં અવરોધ ઊભો થવાની આશંકાએ ભાવમાં આ તેજી જોવા મળી છે.એકતરફ તેલ મોંઘું થઈ રહ્યું છે, તો બીજી તરફ અમેરિકન ડોલર મજબૂત થવાને કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. સિંગાપોર માર્કેટમાં સ્પોટ ગોલ્ડ 0.9% ઘટીને $5,124.48 પ્રતિ ઔંસ પર આવી ગયું છે. ચાંદીના ભાવમાં પણ 1.6% નો ઘટાડો નોંધાયો છે અને તે $83.22 પર ટ્રેડ થઈ રહી છે. ડોલર ઈન્ડેક્સમાં 0.4% નો વધારો થતા રોકાણકારો સોનાને બદલે રોકડ રાખવાનું વધુ પસંદ કરી રહ્યા છે. કાચા તેલના વધતા ભાવે અમેરિકી સેન્ટ્રલ બેંકની ચિંતા વધારી દીધી છે. તેલ મોંઘું થવાથી મોંઘવારી વધશે, જેના કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરવાને બદલે તેને યથાવત રાખે અથવા વધારો કરે તેવી શક્યતા છે.

### જિલ્લા કલેકટર પાસે ન્યાયની માંગણી

# નંદેસરીની ઓરિએન્ટલ કંપનીના ૨૭ કર્મચારીને છૂટા કરી દેતા રોષ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના છેવાડે આવેલી નંદેસરી જીઆઈડીસીની ઓરિએન્ટલ કંપની દ્વારા ગેરકાયદે રીતે ૨૭ જેટલા કર્મચારીઓને અચાનક છૂટા કરી દેવા અંગે છુટા કરાયેલા કર્મચારીઓને યોગ્ય ન્યાય અપાવવા કર્મચારીઓને સાથે લઈ સામાજિક કાર્યકર લખન દરબારની આગેવાનીમાં જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજૂઆત કરવા સહિત મોટી સંખ્યામાં એકત્ર કર્મચારીઓએ સૂત્રોચાર કરીને કલેકટર કચેરી પ્રાંગણ ગજાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, શહેરના છેવાડે આવેલ નંદેસરી જીઆઈડીસીની ઓરિએન્ટલ કંપનીમાંથી ૨૭ કર્મચારીઓને કોઈ કારણોસર એકાએક છુટા કરી દેવાયા હતા. જેથી કર્મચારીઓમાં રોષ ફેલાયો હતો.

આ અંગે કર્મચારીઓને યોગ્ય ન્યાય અપાવવા છૂટા કરાયેલા કર્મચારીઓને સાથે રાખીને સામાજિક કાર્યકર લખન દરબાર જિલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા. જ્યાં છુટા કરાયેલા કર્મચારીઓએ ન્યાય આપવાની માગણી સાથે સૂત્રોચાર કર્યો હતો.

જ્યાં સામાજિક કાર્ય કરે કલેકટર કચેરીએ ખાતે આવેદન પત્ર આપીને છૂટા કરાયેલા કર્મચારીઓ બાબતે સઘન રજૂઆત કરી ન્યાય માટે માંગણી કરી હતી.

# જામનગરના યુવાનને પ્રેમિકાના પતિની જાનથી મારી નાખવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરના સાધના કોલોની વિસ્તારમાં રહેતા અને કંસ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા શાહનવાઝ સલીમભાઈ ખીરા નામના ૨૯ વર્ષના યુવાનને તેની પ્રેમિકાના પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપતા શાહનવાઝે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદ મુજબ શાહનવાઝ ખીરાને આજથી અઢી વર્ષ પહેલા ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતા હરીશભાઈ ભટ્ટીના પત્ની વીરૂબેન સાથે પ્રેમસંબંધ બંધાતા તે પોતાના પતિને છોડીને શાહનવાઝ સાથે રહેવા તેના ઘરે આવી ગઈ હતી અને ત્યારબાદ એકાદ વર્ષ પૂર્વે ઝઘડો થતાં હરીશભાઈએ શાહનવાઝ વિરૂઘ્ધ એસ્ટ્રોસિટીની કલમ હેઠળ ફરિયાદ કરેલ જે કેસ અદાલતમાં ચાલુ છે દરમિયાન ગઈકાલે હરિશભાઈએ તેને ફોન કરી પત્નીને વીરૂને છોડી દે તેમ કહી જો તું વીરૂને નહીં છોડે તો તને જાનથી મારી નાખવાની ધમકી આપતા શાહનવાઝના મનમાં લાગી આવતા તેમણે થોડુંક ફિનાઈલ પણ પી લીધું હતું.


ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર    ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ    - તારીખ મુજબ આવક માલ ભાવ -    સોમવાર, ૦૯/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૫૫૯ | ૪૨૫.૦૦ | ૫૬૬.૦૦ |
| ૨ | મગફળી | 30 | ૧,૦૦૦.૦૦ | ૧,૪૮૧.૦૦ |
| 3 | એરંડા | ૧૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૪૦.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૫૮૫.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૨૦.૦૦ | ૩૬૦.૦૦ |
| ૬ | ચણા | ૦ | ૯૫૦.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૧૮૪ | ૯૭૬.૦૦ | ૧,૫૫૦.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | 3,000.00 |
| ૧૦ | કપાસ | ૧૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૪૩૪.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૨૦ | ૯૫૦.૦૦ | ૧,૦૦૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


### મજૂરોને ઉતારી પરત ફરતી વખતે સર્જાયો અકસ્માત

# લખતર-વિરમગામ હાઈવે પર કાર ખાડામાં ખાબકી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાનો લખતર-વિરમગામ હાઈવે જાણે અકસ્માતોનો ઝોન બની રહ્યો હોય તેમ અવારનવાર અકસ્માતોની ઘટનાઓ સામે આવી રહી છે. આજે લખતર અને કડુ ગામ વચ્ચે એક કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રોડની બાજુમાં આવેલી ઊંડી ખાઈમાં ખાબકી હતી. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કાર ચાલકનો ચમત્કારિક બચાવ થયો છે. ઘટનાની મળતી માહિતી અનુસાર, લખતર તાલુકાના ભાસ્કરપરા ગામની આ કાર મજૂરોને લઈને આદલસર ગામે ઉતારવા ગઈ હતી. મજૂરોને સુરક્ષિત રીતે ઉતારીને ડ્રાઈવર જ્યારે લખતરથી ભાસ્કરપરા પરત ફરી રહ્યો હતો, ત્યારે લખતર અને ગેથડા હનુમાનજી મંદિર વચ્ચે આવેલી એક ખાનગી કંપની પાસે આ દુર્ઘટના ઘટી હતી. ચાલકે અચાનક સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર પલટી મારીને સીધી ઊંડી ખાઈમાં જઈ પડી હતી.

અકસ્માત થતા જ આસપાસના ખેતરોમાં કામ કરતા ખેડૂતો અને નજીકની ખાનગી કંપનીના મજૂરો તાત્કાલિક દોડી આવ્યા હતા.

લોકોએ ભારે જહેમત બાદ કારમાં ફસાયેલા ડ્રાઈવરને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે, કારને ખાઈમાંથી બહાર કાઢવા માટે ટ્રેક્ટરની મદદ લેવી પડી હતી. ઉલ્લેખનીય છે કે, લખતર-વિરમગામ હાઈવે પર અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું હોવાથી વાહનચાલકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે.

# ગુજરાત સરકારે એસટી વિભાગને નવી બસો ખરીદવા માટે બે વરસમાં રૂ.૧૪૪૫.૮૮ કરોડ સહાય ચુકવી

**વાંસદા ના કોંગ્રેસના ધારાસભ્યના પુછાયેલા પ્રશ્નના જવાબમાં અનુસુચિત જનજાતિના બોગસ પ્રમાણપત્રો ૧૭૨ રદ કરાયા**




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનુ બજેટસત્ર ચાલી રહ્યુ છે. એક અઠવાડીયા બાદ શરૂ થયેલ આજે બજેટસત્રનો ૧૧ મો દિવસ હતો. આજે ગૃહની શરૂઆત પ્રશ્નોતરી થી થઈ હતી. પ્રશ્નોત્તરી દરમિયાન આજે ગુજરાત એસટી નિગમને લઈને સવાલ પુછાયો હતો. જેના જવાબમાં ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસટી) ના આધુનિકીકરણ અને મુસાફરોની સુવિધામાં વધારો કરવાના હેતુથી રાજય સરકાર દ્વારા મોટા પાયે આર્થિક સહાય પુરી પાડવામાં આવી હોવાનુ જણાવવામાં આવ્યુ હતું.

વિધાનસભા ગૃહમાં નારણપુરાના ધારાસભ્ય જીતેન્દ્ર પટેલ (જીતુ ભગત) દ્વારા વિધાનસભામાં સવાલ પુછવામાં આવ્યો હતો કે રાજય સરકાર દ્વારા એસટી નિગમને નવી બસો ખરીદવા માટે કેટલી સહાય આપવામાં આવે છે. જેના જવાબમાં રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા એસટી નિગમને નવી બસો ખરીદવા માટે ખાસ મુડીકૃત સહાય આપવામાં આવે છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૪ માં ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૪ દરમિયાન સરકાર દ્વારા ૭૩૫.૮૮ કરોડ રૂપીયા ફાળવવામાં આવ્યા હતા. જયારે વર્ષ ૨૦૨૫ માં ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૫ દરમિયાન નવી બસોની ખરીદી માટે ૭૧૦.૦૦ કરોડ રૂપીયાની સહાય આપવામાં આવી હતી. આમ છેલ્લા બે વરસમાં કુલ ૧૪૪૫.૮૮ કરોડ રૂપીયાની માતબર સહાય એસટી નિગમને નવા વાહનો વસાવવા માટે પુરી પાડવામાં આવી છે. આ ફાળવણીને કારણે રાજયભરમાં એસટી બસોના કાફલામાં નવી અને આધુનિક બસોનો ઉમેરો થયો છે. જે મુસાફરો માટે વધુ આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરશે તેવુ નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું. આમ ગુજરાત સરકાર દ્વારા એસટી નિગમને નવી બસની ખરીદી માટે બે વરસમાં ૧૪૪૫.૮૮ કરોડ રૂપીયાની માતબર સહાય પુરી પાડવામાં આવી છે.

આ ઉપરાંત આજે સોમવારે વાંસદા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ દ્વારા ગૃહમાં ખોટા અનુસુચિત જનજાતિ (એસટી) ના પ્રમાણપત્રોને લઈને કરવામાં આવેલા સવાલનો જવાબ આદિવાસી વિકાસ મંત્રી દ્વારા આપવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે રાજયમાં છેલ્લા બે વરસ દરમિયાન કુલ ૧૭૨ બોગસ ખોટા અનુસુચિત જનજાતિ ના પ્રમાણપત્રો સ્કુટી ની કમિટી દ્વારા રદ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦ ના નિયમો અમલમાં આવ્યા બાદ છેલ્લા બે વરસમાં થયેલી કાર્યવાહી અંગે વર્ષ પ્રમાણે આંકડાકીય માહિતી રજુ કરતા જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૪ માં ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૭૯ પ્રમાણપત્રો રદ કરાયા છે. જયારે વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૯૩ પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૨૧૩નો તીવ્ર ઉછાળો: સોનાનો વાયદો ઘટીને રૂ.૧.૫૯ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૨.૬૦ લાખને સ્પર્શ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૬૯૮.૨૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૨૪૧૮.૬૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૪૦૬.૧૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૭૦૨ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૭૧૧૮.૨૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૪૬૯૮.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૨૪૧૮.૬૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૭૦૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૨૬૨.૪૮ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૪૦૬.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૬૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૫૧૧ અને નીચામાં રૂ.૧૫૯૮૨૬ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૬૩૪ના આગલા બંધ સામે રૂ.૧૩૮૪ના ભાવઘટાડા સાથે રૂ.૧૬૦૨૫૦ થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૪૫ ઘટી રૂ.૧૩૧૨૨૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૭ ઘટી રૂ.૧૬૫૧૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૮ ઘટી રૂ.૧૬૦૩૪૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૨૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૩૯૮ અને નીચામાં રૂ.૧૬૦૬૨૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૨૬૨૧ના આગલા બંધ સામે રૂ.૧૩૩૯ ઘટી રૂ.૧૬૧૨૮૨ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૪૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૭૪૯૮ અને નીચામાં રૂ.૨૬૦૭૪૩ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૨૮૫ના આગલા બંધ સામે રૂ.૪૯૬૯ ઘટી રૂ.૨૬૩૩૧૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૫૫૨૮ ઘટી રૂ.૨૬૯૦૯૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૫૩૯૮ ઘટી રૂ.૨૬૯૩૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૪૭૨.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૨.૨ ઘટી રૂ.૧૧૮૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૩.૧૫ વધી રૂ.૩૨૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૫ પૈસા વધી રૂ.૩૩૯.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૧૮૮.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૪૬૭૩.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૧૪૦ અને નીચામાં રૂ.૪૦૩૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૧ વધી રૂ.૪૧૧૩ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૮૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૫૪૯ અને નીચામાં રૂ.૮૪૯૯ના મથાળે અથડાઈ, રૂ.૮૩૬૩ના આગલા બંધ સામે રૂ.૧૨૧૩ના ઉછાળા સાથે રૂ.૯૫૭૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૨૧૫ ઊછળી રૂ.૯૫૭૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૩ વધી રૂ.૩૦૮.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧૨.૫ વધી રૂ.૩૦૮.૫ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૪૪.૭ના ભાવે ખૂલી, રૂ.૧.૮ ઘટી રૂ.૯૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૯૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૫૩૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૩૩૫.૪૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૦૭૦.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૧૯૩.૮૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૦૫.૭૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦.૩૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૬૨.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૭.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૦૭૮.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૫૭૮.૬૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૦૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૧૫૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૦૭૦૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૭૫૫૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૩૪૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૯૮૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૭૮૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૭૭૪૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૭૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૧૧૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨૫૯૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૩૮૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૮૫૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૩૫૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૧૯ પોઈન્ટ વધી ૩૯૭૦૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૯૪.૯ વધી રૂ.૯૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૯ વધી રૂ.૨૪.૨૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૨૨૧.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૨ ઘટી રૂ.૧૭૩૬ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૮ ઘટી રૂ.૨૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪૯ વધી રૂ.૬.૪૯ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૪૨ વધી રૂ.૯૪૩.૮ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૯.૩ વધી રૂ.૨૬.૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭.૫ ઘટી રૂ.૩૮૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૪૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬.૫ વધી રૂ.૯૪૮.૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૩૮.૬ ઘટી રૂ.૭૬૨.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૨૭.૭ થયો હતો. સોનું માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮ વધી રૂ.૪૦૩.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૦૭.૫ વધી રૂ.૧૯૭૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૮૮ વધી રૂ.૧૪.૬૭ થયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૨ પૈસા ઘટી રૂ.૩.૨ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮.૦૫ ઘટી રૂ.૭૭૫.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૨૮.૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૫.૫ વધી રૂ.૪૮૪૮.૫ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૬૯ વધી રૂ.૧૮૬૪૭ થયો હતો.




### સ્ટાફે વ્હીલચેર માટે મદદ નહી કરી હોવાનો દર્દીના પરીવારજનોનો આક્ષેપ

## ખાટલે મોટી ખોડ: આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાના શહેર સુરતની નવી સીવીલ હોસ્પીટલમાં લાલીયાવાડી: સીવીલમાં ૭ વરસના પુત્રને ઉંચકીને ફરતા પિતાની દોડધામ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાના શહેર સુરતની સીવીલ હોસ્પીટલો માં લાલીયાવાડી બહાર આવી છે. સુરતની નવી સીવીલ હોસ્પીટલમાં દર્દીના પરીવારજનોને પોતે ૭ વરસના પુત્ર ને ઉંચકીને જવાની પિતાની ફરજ પડી છે.





ગુજરાત સરકાર દ્વારા વિકાસ ના દાવા કરવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજયને વિકાસનુ રોલ મોડલ ગણવામાં આવે છે. રાજયમાં તમામ પ્રકારની સુવિધાઓ લોકોને સરળતાથી મળતી હોવાનુ ગુલબાંગો પોકારવામાં આવે છે. એક ઘટના સુરતની સીવીલ હોસ્પીટલની બહાર આવી છે. એક લાચાર પિતા તેના પુત્ર ને હાથમાં ઉચકીને વ્હીલચેર માટે આમ તેમ ભટકતો હોવાનો વિડીયો વાયરલ થયો છે. હોસ્પીટલના સ્ટાફે આ બાળકને બેસાડવા માટે વ્હીલચેર આપવા કોઈ મદદ ન કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સુરતની નવી સીવીલ હોસ્પીટલ દર્દીઓની સુવિધાઓને લઈને વિવાદમાં આવી છે. એક માતા પિતા ઉનાળાની કાળઝાળ ગરમીમાં પરસેવે રેબજેબ થઈ પોતાના ૭ વરસના બાળકને ઉચકીને વ્હીલચેર માટે આમ તેમ ફરી રહ્યા છે.

સીવીલ હોસ્પીટલમાં વ્હીલચેર નહી મળતા ભારે હાલાકીનો સામનો કરવો પડયો છે. હોસ્પીટલના સ્ટાફે પણ આ બાળકના દુઃખ અને પિતાની લાચારી સામે આંખ આડા કાન કરીને કોઈપણ પ્રકારની મદદ નહી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સુરત સીવીલના તંત્ર સામે ફરી સવાલો ઉભા થયા છે. સુરત સીવીલ હોસ્પીટલમાં મુળભુત સુવિધાઓના અભાવે દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે. એક લાચાર પિતાનો પગમાં પ્લાસ્ટર લગાવેલ બાળકને હાથમાં ઉચકીને ફરતો વિડીયો વાયરલ થઈ રહ્યો છે.

સુરત શહેર એ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાનુ કહેવાય છે. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે રાજયના આરોગ્ય મંત્રી પોતાના સુરત શહેરની સીવીલ હોસ્પીટલોને અદ્યતનજનક ન બનાવતા હોય તો રાજયની અન્ય સીવીલ હોસ્પીટલોની શું હાલત હશે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે ? આ અંગે રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાનો મોબાઈલ ઉપર સંપર્ક કરવાનો પ્રયાસ કરતા મંત્રીએ મીડીયાનો ફોન રીસીવ કર્યો ન હતો.

## બ્રાઝીલની જેલમાં જો કેદી પુસ્તક વાંચે તો સજામાં ઘટાડો કરાય છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે જ્યારે વાંચન માટે મોટી-મોટી જાહેરાતો ના હોર્ડિંગ લગાવીએ છીએ પ્રજા વાંચતી લખતી થાય એના માટે શિક્ષણ ની વાતો કરાય અને સરકાર બજેટ પણ ફાળવતી હોય છે ત્યારે બ્રાઝિલમાં અનોખો કાયદો છે. કેદી જો જેલમાં વર્ષે ૧૨ પુસ્તક વાંચે અને એ વિશેની નોંધ લખે તો વર્ષે ૪૮ દિવસની સજા ઘટી જાય છે. કારણ બ્રાઝિલમાં જેલમાં રહેલા કેદીઓનું રીહેબિલિટેશન એને જીવનમાં ફરી સ્થાપિત કરવો સરળ બને. જેલવાસ દરમ્યાન કેદીઓ કંઈક ભણે, શીખે અને જ્ઞાન પ્રાપ્ત કરીને સમૃધ્ધ થાય તો તેમને જેલની સજામાં ડિસ્કાઉન્ટ આપવાની સ્કીમ બહાર પાડવામાં આવી છે.

આ પ્રોગ્રામ અંતર્ગત કેદીઓ સાહિત્ય,સાયન્સ કે ફિલોસોફી ના ૧૨ પુસ્તકો વાંચી શકે છે અને દરેક પુસ્તક વંચાય જાય એ પછી એ પુસ્તક વિશે તેમણે બ્રીફ નોંધ લખવાની રહે છે. જો આ નોંધ નિયામકો ને યોગ્ય લાગે તો તેમને પુસ્તક દીઠ ૦૪ દિવસની સજા ઘટાડી આપવાની જોગવાઈ છે. વર્ષે ૧૨ પુસ્તકો પ્રમાણે કેદીઓ વર્ષમાં ૪૮ દિવસની એટલે કે લગભગ દોઢ મહિનાથી વધુની સજા ઘટાડી શકે છે.

જેલની આ પહેલ ને સિવિલ સોસાયટીએ ખૂબ સપોર્ટ કર્યો છે કેમકે એ જેલમાં સજા કાપતા કેદીઓના માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે. જેલમાં ખતરનાક અપરાધીઓની સાથે રહેવું, સ્ટ્રેસ અને ભીડભાડવાળા માહોલમાં લાંબો સમય રહેવું થકવી નાખનારું અને વ્યક્તિત્વ બદલી નાખનારું હોય છે. જોકે એ અગવડોની સાથે જો તેમનું મન કોઈક રચનાત્મક અને બૌધ્ધિક કાર્યોમાં પરોવાયેલુ રહે તો જેલમાંથી બહાર નીકળ્યા પછીની જિંદગી સરળ રહે છે. ભારતમાં પણ મુંગાવલીની ખુલ્લી જેલ વિશે લખાયુ છે. જ્યાં કેદીઓ ખુલ્લી રીતે હરી ફરી શકે છે ત્યારે બ્રાઝિલનો આ પ્રયોગ ભારતમાં પણ કરવા જેવો ખરો.

## આજે ફરી અમરેલી અને અમદાવાદની કોર્ટને બોમ્બ થી ઉડાવવાની મળી ધમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



આજે સોમવારે ફરીથી ગુજરાતમાં ધમકીભર્યા મેઈલ આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આજે સોમવારે સવારે અમરેલી કોર્ટ ને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ત્યારબાદ અમદાવાદની જુની હાઈકોર્ટ ને પણ ઉડાવવાની ધમકી મળી હતી. આ ધમકી મળ્યા બાદ બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડની ટીમોએ ઘટનાસ્થળે પહોચીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. અમરેલી કોર્ટ અને અમદાવાદ ની જુની હાઈકોર્ટને તમામ કાર્યવાહી બંધ કરી કોર્ટ ખાલી કરાવી દેવામાં આવી હતી. અમરેલી કોર્ટને મળેલા ધમકીભર્યા ઈમેઈલમાં લખવામાં આવ્યુ હતુ કે કોર્ટ પરીસરમાં ૧૪ જેટલા આરડીએક્સ ભરેલા બોમ્બ થી વિસ્ફોટ કરવામાં આવશે. ઈમેઈલમાં અજમલ કસાબ અને તમીલનાડુનો મુદ્દાને લઈને લખ્યુ કે કોર્ટ શું કામની, જો તે નિર્દોષ નાગરીકોને ન્યાય ન અપાવી શકે, આ ધમકી મળતા જ પોલીસ કાફલો કોર્ટ ખાતે દોડી આવ્યો હતો. અમરેલી બાદ અમદાવાદમાં પણ જુની હાઈકોર્ટ ને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઈમેઈલ મારફતે બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ધમકી મળતાની સાથે જ પોલીસે બીડીડીએસ, ડોગ સ્કવોડ ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તો અન્ય એક દાહોદ ની ડીસ્ટ્રીકટ કોર્ટ માં પણ બોમ્બ મુકાયા હોવાની અફવાથી દોડધામ મચી જવા પામી હતી. દાહોદની કોર્ટ ખાલી કરાવી દેવાઈ હતી. વકીલો તેમજ કોર્ટ સ્ટાફને બહાર કઢાયા હતા. બોમ્બ ડીસ્પોઝલ તેમજ ડોગ સ્કવોડ દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યુ હતું. દાહોદ ની પોલીસ નો કાફલો પણ કોર્ટમાં પહોચ્યો હતો. એલસીબી અને એસઓજી સહિતની ટીમે સવાર થી જ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.

## સ્પીપા, ગાંધીનગર ખાતે કોમન ફાઉન્ડેશન કોર્સની પ્રથમ બેચનો શુભારંભ ચિંતન શિબિરની ભલામણોને અનુસંધાને તાલીમ કાર્યક્રમનો પ્રારંભ

રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નવી નિમણૂક પામેલા અધિકારીઓને શાસન વ્યવસ્થાની મૂળભૂત સમજ, પ્રશાસનિક મૂલ્યો તથા કાર્યક્ષમતા વિકસાવવા માટે પૂર્વ સેવા તાલીમના ભાગ રૂપે કોમન ફાઉન્ડેશન કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. ચિંતન શિબિરમાં કરવામાં આવેલી મહત્વપૂર્ણ ભલામણોના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા કોમન ફાઉન્ડેશન કોર્સ અમલમાં મૂકવા અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના અમલીકરણ માટે તાલીમ સંબંધિત નિયમોમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. આ અનુસંધાને, સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA), ગાંધીનગર ખાતે મહાનિદેશકશ્રી હારીત શુક્લા આઈ.એ.એસ.ના માર્ગદર્શન હેઠળ તા. ૦૯-૦૩-૨૦૨૬ના રોજ કુલ ૫૦ અધિકારીશ્રીઓ માટેના કોમન



ફાઉન્ડેશન કોર્સની પ્રથમ બેચનો વિધિવત્ શુભારંભ સ્પીપા, અમદાવાદના નાયબ મહાનિદેશકશ્રી સી.સી.કોટક, આઈ.એ.એસ.ના વરદ્ હસ્તે દીપ પ્રગટ્ય કરી કરવામાં આવ્યો છે. આ પહેલ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાંથી નિયુક્ત થયેલ અધિકારીશ્રીઓની તાલીમને વધુ સુદ્રઢ બનાવશે તથા ગુજરાતની સુશાસનની પરંપરાને આગળ વધારશે.

આ તાલીમ કાર્યક્રમ દ્વારા અધિકારીશ્રીઓને રાજ્યની શાસન પદ્ધતિ, જાહેર નીતિ, સુશાસન, વહીવટી વ્યવહાર, કાયદાકીય માળખું, નાણાકીય વ્યવસ્થાપન તથા લોકકેન્દ્રિત સેવા સંબંધિત વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. સાથે સાથે અનુભવી અધિકારીઓ અને વિષય નિષ્ણાતો દ્વારા વ્યાખ્યાનો, ચર્ચા સત્રો અને પ્રાયોગિક તાલીમ દ્વારા અધિકારીશ્રીઓની કાર્યક્ષમતા તથા નેતૃત્વ ક્ષમતા વિકસાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે તા. ૦૮ માર્ચના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. કોમન ફાઉન્ડેશન કોર્સની આ પ્રથમ બેચમાં તાલીમાર્થી અધિકારીઓમાં મોટાભાગે મહિલા અધિકારીશ્રીઓનો સમાવેશ થતો હોવાથી તાલીમના ઉદ્ઘાટન સત્રમાં સ્પીપાના નાયબ મહાનિદેશકશ્રીએ જણાવ્યું કે આ બેચના શુભારંભ સાથે અનાયાસ સ્પીપા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવેલ છે. આ અવસરે મહિલા સશક્તિકરણ, સમાનતા તથા શાસનમાં મહિલાઓની વધતી ભાગીદારી અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન મહિલા અધિકારીશ્રીઓના યોગદાન અને તેમની પ્રશાસનિક ક્ષમતાને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

સ્પીપા દ્વારા આયોજિત આ કોમન ફાઉન્ડેશન કોર્સ રાજ્યના શાસનતંત્રમાં કાર્યરત નવા અધિકારીઓને કાર્યક્ષમ, સંવેદનશીલ અને જવાબદાર પ્રશાસક તરીકે ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## ભરૂચમાં મોંઘવારી સામે મહિલાઓ બની રણચંડી: મહિલા કોંગ્રેસે ગેસ ના બાટલા અને ચુલા સાથે પાંચબત્તી વિસ્તાર ગજવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભરૂચ જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા વધતી જતી મોંઘવારી અને કેન્દ્ર સરકારની આર્થિક નિતીઓ સામે રસ્તા પર ઉતરીને ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. પાંચબત્તી જેવા મુખ્ય વિસ્તારમાં આયોજીત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરોએ જોડાઈને સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા. મોંઘવારીના કારણે સામાન્ય ગૃહીણીઓનુ બજેટ ખોરવાયુ હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે તાત્કાલીક ભાવ ઘટાડાની માંગ કરી છે. ભરૂચના પાંચબત્તી વિસ્તારમાં મહિલા કોંગ્રેસના કાર્યકરો અનોખી રીતે વિરોધ કરવા પહોચ્યા હતા. પ્રદર્શનકારી મહિલાઓ પોતાની સાથે ગેસ સીલીન્ડર, માટીના ચુલા અને



તેલના ખાલી ડબ્બા લઈને આવી હતી. આ પ્રતિકાત્મક વિરોધ દ્વારા તેમણે દર્શાવ્યુ હતુ કે રાંધણગેસ અને ખાદ્ય તેલના ભાવ જે રીતે વધી રહ્યા છે તેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારો માટે રસોઈ બનાવવી મુશ્કેલ બની ગઈ છે.

કેન્દ્ર ની ભાજપ સરકારની નીતિઓ સામાન્ય જનતા માટે આશીર્વાદ ને બદલે શ્રાપ સમાન બની હોવાની નારાજગી કાર્યકરોએ વ્યકત કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થિતિ વધુ ઉગ્ર બનતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોચી ગયો હતો. મહિલા કાર્યકરોએ જયારે આગળ વધવાનો પ્રયાસ કર્યો અને સરકાર વિરોધી પ્રચંડ સુત્રોચ્ચાર કર્યા ત્યારે પરીસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે પોલીસે અટકાયતી પગલા લીધા હતા. વિરોધ કરી રહેલી અનેક મહિલા કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને તેમને પોલીસ વાનમાં બેસાડીને સ્થળ પરથી ખસેડવામાં આવ્યા હતા. આ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારી મહિલાઓ વચ્ચે હળવી ખેંચતાણના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. ભરૂચ જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ જયોતિ તડવીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આજે જીવન જરૂરીયાતની દરેક વસ્તુના ભાવ આસમાને પહોચ્યા છે. મોંઘવારીના કારણે સામાન્ય જનતા પર આર્થિક બોજો અસહ્ય બની ગયો છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે સરકાર માત્ર મોટા ઉદ્યોગપતિઓના હિત વિચારે છે અને ગૃહિણીઓની વેદના સાંભળવા તૈયાર નથી. જો આગામી દિવસોમાં ભાવ ઘટાડો કરવામાં નહી આવે તો આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી.

## સુરેન્દ્રનગરમાં આરોગ્ય વિભાગના ૧૨૦૦ કર્મચારીઓ ૨ મહિનાથી પગારથી વંચિત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ૧૨૦૦થી વધુ કર્મચારીઓ છેલ્લા બે મહિનાના પગારથી વંચિત છે. નેશનલ હેલ્થ મિશન કાર્યક્રમમાં ફરજ બજાવતા ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ, હેલ્થ વર્કરોને પગારની ચૂકવણી કરવામાં આવી હતી. ૨ કરોડથી વધુના બિલની રકમની ચૂકવણી અટકી ગઈ છે. ગ્રાન્ટના અભાવે પગાર ન થયાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં આવેલા પીએચસી, આરબીએસકે વિભાગમાં ફરજ બજાવતા ડોક્ટરો, સીએચઓ, નર્સિંગ સ્ટાફ, હેલ્થ વકર, ટેકનિકલ સ્ટાફ સહિતના અલગ અલગ વિભાગોમાં ફરજ બજાવતા ૧૨૦૦થી વધુ કમર્ચારીઓ જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાનો પગાર કરવામાં આવ્યો નથી. સુરેન્દ્રનગર આરોગ્ય વિભાગ દ્વારા જે પગારના બિલોની ચૂકવણી કરવામાં આવી રહી હતી. તે હવે ટ્રેઝરી ઓફિસને કામગીરી સોંપાવમાં આવી છે. જેને લઈ પગાર નિયમિત થયા નથી. નેશનલ હેલ્થ મિશન પ્રોજેક્ટ માં ફરજ બજાવતા કર્મચારીઓને બે મહિના સુધી પગાર નથી કરવામાં આવી રહ્યા ત્રીજો મહિનો ચાલુ છે.

# દેશને મહાસત્તા બનાવવો હોય તો પ્રજાની પાયાની જરૂરિયાતો પૂરી કરો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

એક બાજુ આપણો દેશ મહાસત્તા બને તેના સપનાઓ જોઈએ છીએ પરંતુ સમાજનો એક મોટો વર્ગ શિક્ષણ, આરોગ્ય, પીવાનું શુધ્ધ પાણી કે શૌચાલય જેવી પ્રાથમિક સગવડો વગર જીવે છે ત્યારે આપણા વિકાસની વ્યાખ્યામાં આ મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. આપણે પ્રશ્નોને ઉકેલવા માટે વૈશ્વિક સ્તરના ઉપાયો વિચારીએ છીએ પરંતુ સ્થાનિક સ્તરના ઉકેલો તરફ નજર નાખતા નથી. આપણે મોટા શહેરની નજીકના ગામડાની સ્થિતિથી અજાણી છીએ અરે? શહેરમાં જ આવેલી ઝૂપડપટ્ટીમાં રહેતા લોકોના પ્રશ્નોથી યે અજાણ છીએ. પાયાની જરૂરિયાતો આમ આદમી સુધી પહોંચે તે માટે કરવાના પ્રયત્નોના પ્રશ્ને આપણા ચિંતકો વચ્ચે તીવ્ર ચર્ચાઓ કરાય છે. જેમાં કહેવાય છે પહેલા દેશે આર્થિક વિકાસ કરવો જોઈએ. નાણાંનો વ્યવસ્થિત કાર્યક્ષમ ઉપયોગ થાય તેવા માળખા વ્યવસ્થાતંત્રનું નિર્માણ થવું જોઈએ.

આપણે ટાંકીમાં વધુને વધુ પાણી ભરવાનો પ્રયત્ન કરીએ પરંતુ પાઈપમાં લીકેજ હોય તો પાણી છોડ સુધી ક્યારેય પહોંચવાનું નથી. તે જ રીતે GDP માં ગમે તેટલો વધારો કરો પરંતુ H.D.I (હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ) માનવીના વિકાસનો આંક વધારવાની માળખાગત સગવડ નહીં હોય તો ધાર્યું પરિણામ આવવાનું નથી.

આપણે ત્યાં કામદાર અને ઉદ્યોગગૃહો વચ્ચે સંવાદિત સંબંધો નથી. ઉદ્યોગ-ગૃહોને લચીલા શ્રમિક કાયદાઓ જોઈએ છે. આજે ઉદ્યોગો કાયમી કામદારોને સ્થાને કોન્ટ્રાકટ કામદારો રાખે છે. તેમના હક્કોની અવગણના કરવામાં આવે છે. કેટલાક દેશોમાં કોન્ટ્રાકટ કામદારો ને ચાલુ કામદારો કરતાં વધુ પગાર આપવામાં આવે છે. આપણે "સમાન કામ માટે સમાન વેતન " ના સિધ્ધાંતને મંજૂર કરવો જોઈએ. કોન્ટ્રાકટ કામદારોના નામ ચોપડે નોંધાવા જોઈએ. તેમના મૂળભૂત હક્કો માન્ય થવા જોઈએ. કોર્પોરેટ કલ્ચરમાં ટ્રસ્ટીશિપની ભાવના દાખલ કરો. જેમાં જનતાનો,પર્યાવરણનો ગ્રાહકનો ખ્યાલ રાખવામાં આવેલો હોય તેવા સર્વ સમાવેશી વિકાસની દિશા પકડો. માત્ર નફાલક્ષી, શેરહોલ્ડરલક્ષી ધંધાની નીતિ બદલો. પશ્ચિમમાં કોર્પોરેટ ક્ષેત્રે પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે. બેંક્રો, મોટા કોર્પોરેટસને પ્રજાના કરવેરાના પૈસાથી ઉગારી લેવામાં આવે છે. આજે લોકશાહી તેમના બારણે ટકોરા મારીને કંપનીઓના આર્થિક વિકાસમાં પ્રજાની ભાગીદારીની માંગણી કરે છે.

---

કચ્છમાં એક-એક દારૂના અડ્ડા પર હવે AAP લોકો સાથે મળીને જનતા રેડ કરશેઃ ઈસુદાન ગઢવી

# દારૂના અડ્ડા પર જનતા રેડ કરનાર AAP નેતા કાયનાત અન્સારી પર જ ખોટી ફરિયાદ દાખલ, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કાર્યવાહીને વખોડી

## દારૂના અડ્ડા પર જનતા રેડ કરનાર કાયનાત અન્સારી પર જ એટ્રોસિટીની ખોટી ફરિયાદ થઈ, આ કેવો કાનૂન છે?ઃ ઈસુદાન ગઢવી

અમદાવાદ/કચ્છ/ગુજરાત

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક ગંભીર મુદ્દા પર વિડીયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે અને આ કાયદો અને વ્યવસ્થા બુટલેગરો માટે ચાલતી હોય એવી પરિસ્થિતિ પેદા થઈ છે. આમ આદમી પાર્ટીના કચ્છ (પૂર્વ) પ્રમુખ અને એક જાંબાજ મહિલા કાયનાત અન્સારી, જેઓ વર્ષોથી સમાજ સેવા કરે છે અને પોતે ડોક્ટર પણ છે, તેઓએ જનતાના કહેવાથી પોલીસ મિત્રોના સંરક્ષણથી જે દારૂના અડ્ડાઓ ચાલી રહ્યા હતા ત્યાં જનતા રેડ કરી હતી. તો આ દારૂના અડ્ડાઓ બંધ કરવાની જગ્યાએ કાયનાત અન્સારી પર એટ્રોસિટીની ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ કેવો કાનૂન છે? વધુમાં AAP નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં કાનૂન વ્યવસ્થાની હાલત બિહાર કરતા પણ ખરાબ થઈ ગઈ છે. અમારો સવાલ છે કે એસપી અને રેન્જ આઈ જી શું કરી રહ્યા છે? એટ્રોસિટીની ફરિયાદ થાય છે તો તેના માટે પણ પુરાવા હોય છે. એટ્રોસિટીનો કાયદો દલિત સમાજને રક્ષણ આપવા માટે બનાવ્યો છે, પરંતુ આ કાયદાનો અધિકારીઓ અને કેટલાક બુટલેગરો સાથે મળેલા લોકો મોટું ષડયંત્ર કરાવી રહ્યા છે. કાયનાત અન્સારીને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે, આમ આદમી પાર્ટી આ બાબતનો સખત શબ્દોમાં વિરોધ કરે છે. આ મામલે આમ આદમી પાર્ટી લડત લડી લેશે. કચ્છમાં એક એક દારૂના અડ્ડા પર હવે આમ આદમી પાર્ટી લોકો સાથે મળીને જનતા રેડ કરશે.

---

સુરતની બે કોલેજીયન યુવતીના આપઘાત પ્રકરણમાં મોટો ઘટસ્ફોટ : પ્રેમ પ્રકરણ હોવાનુ બહાર આવ્યુ

# પ્રેમી સાથે બ્રેકઅપ થતા યુવતીઓએ આપઘાત કર્યાનુ બહાર આવ્યુઃ બંને યુવતીના મોબાઈલ ચેક કરતા થયો ઘટસ્ફોટ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના ડીંડોલી સ્થિત આત્મીય સંસ્કાર ધામ સ્વામિનારાયણ મંદિરના પરીસરમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મૃતક યુવતીઓની ઓળખ ૧૮ વર્ષીય રોશની શિરશાઠ અને ૨૦ વર્ષીય જોત્સના ચૌધરી તરીકે થઈ હતી, બંને યુવતીઓ ગાઢ બહેનપણીઓ હતી અને કોલેજમાં અભ્યાસ કરતી હતી. તેઓએ મંદીરના બાથરૂમમાં જઈને આ અંતિમ પગલુ ભર્યુ હતુ, જેની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ત્યારે હવે બંને યુવતીઓના આપઘાત પાછળનુ કારણ પ્રેમપ્રકરણ હોવાનુ બહાર આવ્યુ છે. મળતી માહિતી અનુસાર પોલીસ તપાસ દરમિયાન બંને યુવતીઓના મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવ્યા હતા. ટેકનીકલ સર્વેલન્સ અને ચેટ્સની તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે બંને યુવતીઓ પોત પોતાના પ્રેમી સાથે પ્રેમ સંબંધમાં હતી. આશ્ચર્યજનક રીતે બંનેના બ્રેકઅપ માત્ર ૧૫ દિવસના ગાળામાં જ થયા હતા. પ્રેમમાં નિષ્ફળતા મળતા અને મનદુઃખ થતા બંને બહેનપણીઓએ સાથે મળીને જીવન ટુંકાવવાનો રસ્તો પસંદ કર્યો હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે.

આ કેસમાં સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે યુવતીઓએ આપઘાત કરવા માટે આધુનિક આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ સાધન ચેટ જીપીટી ની મદદ લીધી હતી. તપાસમાં બહાર આવ્યુ છે કે આપઘાત કેવી રીતે કરવો, કઈ દવાઓ લેવી અને તેનાથી થતી અસરો વિશેની તમામ માહિતી તેઓએ આ પ્લેટ ફોર્મ પરથી મેળવી હતી. તેઓએ એનેસ્થેસીયા ના ઈન્જેકશન લઈને આત્મહત્યા કરી




હતી. આ ઘટનાએ સાબિત કર્યુ છે કે જો ટેકનોલોજીનો ઉપયોગ નકારાત્મક રીતે કરવામાં આવે તો તે કેટલી ઘાતક સાબિત થઈ શકે છે. સુરતની આ ઘટનાની ગંભીરતાની નોંધ આંતરરાષ્ટ્રીય લેવામાં આવી છે. વિશ્વની સૌથી ધનિક વ્યકિત અને સોશીયલ મીડીયા પ્લેટફોર્મ એકસના માલીક એલન મસ્ક પણ આ સમાચાર સાંભળી ચોંકી ઉઠયા હતા. એકસ પર એક યુઝર દ્વારા આ ઘટના શેર કરવામાં આવી હતી. જેને એલન મસ્કે રીટવીટ કરી હતી. મસ્કે આ પોસ્ટ પર માત્ર એક શબ્દ લખીને પોતાનુ આશ્ચર્ય અને ડર વ્યકત કર્યો હતો. તેમણે આ મામલાને અત્યંત ગંભીર અને ચિંતાજનક ગણાવ્યો હતો.

---

કેજરીવાલની ગુજરાતની જનતાને અપીલ, જાગો અને ઝાડુ ચલાવીને પોતાની સરકાર બનાવો

# ૩૦ વર્ષમાં ભાજપવાળા ગુજરાતનો વેપાર, રોજગાર, સ્કૂલ, હોસ્પિટલ, રસ્તા, નરેગા બધું જ ખાઈ ગયાઃ કેજરીવાલ





અમદાવાદ/સુરત/ગુજરાત

ગુજરાતના પ્રવાસે આવેલા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બીજા દિવસે પણ ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા. તેમણે જનતાને ભાજપ સરકારના દમનનો અંત લાવવા આહ્વાન કરતાં કહ્યું કે જાગો અને ઝાડુ ચલાવીને આ વખત પોતાની સરકાર બનાવો. ૩૦ વર્ષમાં ભાજપવાળાઓ ગુજરાતનો વેપાર, રોજગાર, સ્કૂલ, હોસ્પિટલ, રસ્તા, નરેગા બધું જ ખાઈ ગયા. તેમણે લોકોને પૂછ્યું કે ભાજપ સરકારના ભ્રષ્ટાચાર, પેપર લીક, તૂટેલા રસ્તાઓ, ધરાશાયી થયેલા પુલો, હોસ્પિટલોમાં બાળકોના મોત પર ક્યાં સુધી ચૂપ રહેશો? આ વખતે સમગ્ર ગુજરાતમાં વિસાવદર જેવું કરવાનો અવસર છે. જેમ વિસાવદરની જનતાએ મોટા-મોટાના સિંહાસન હચમચાવી દીધા, એમ જ આ વખતે સમગ્ર ગુજરાતમાં કરવું છે. "AAP" ની પોતાની સરકાર હશે તો પંજાબની જેમ મફત વીજળી, સારવાર, શિક્ષણ, દરેક મહિલાને એક હજાર રૂપિયા સહિત તમામ સુવિધાઓ મળશે.

સોમવારે સુરતમાં આયોજિત આમ આદમી પાર્ટીના પ્રાદેશિક બૂથ સંમેલનમાં સંબોધન કરવા પહોંચેલા અરવિંદ કેજરીવાલે ગુજરાતની જનતાની અવાજને મજબૂતી આપવાનો સંકલ્પ કરતાં કહ્યું કે આજે સમગ્ર ગુજરાતના ખેડૂતો ખૂબ નારાજ અને ગુસ્સામાં છે. દરેક જગ્યાએ લોકો એક જ વાત કહી રહ્યા છે કે આ વખતે બોટાદનો બદલો લેવો છે. તેમણે કહ્યું કે થોડા દિવસ પહેલાં બોટાદમાં કેટલાક ખેડૂતોએ ભેગા થઈને કડદા પ્રથા વિરુદ્ધ શાંતિપૂર્ણ પ્રદર્શન કર્યું હતું. તેમણે કોઈ પથ્થર ફેંક્યો નહોતો, કોઈને માર્યુ નહોતું. પરંતુ પોલીસે તેમના પર લાઠીચાર્જ કર્યો, તેમને તેમના ઘરોમાંથી ખેંચી-ખેંચીને લઈ ગયા અને ૮૫ ખેડૂતોને ઘણા મહિનાઓ સુધી જેલમાં રાખવામાં આવ્યા. આ કારણે ખેડૂતોમાં ભારે વિદ્રોહ અને ગુસ્સો છે. ખેડૂત આ વખતે ચૂંટણીમાં ભાજપથી બદલો લેશે અને મજા ચખાડશે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે અને આ ૩૦ વર્ષમાં તેમણે ગુજરાતને સંપૂર્ણ રીતે ચૂંસી લીધું છે. આ લોકો ખેડૂતોના બીજ, ખાતર, પાણી અને પૈસા પણ ખાઈ ગયા. તેમણે વેપારીઓનો વેપાર, બેરોજગારનો રોજગાર, સ્કૂલ, હોસ્પિટલ, રસ્તા અને પુલો સુધી ખાઈ લીધા. આ લોકોએ મજૂરોનો નરેગા, બજરી, લોખંડ અને માટી સુધી ખાઈ લીધી છે. જે કોઈ તેમના ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવે છે, તેના પર તેઓ અત્યાચાર કરે છે અને ખોટા કેસ કરીને જેલમાં નાખી દે છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે "AAP" ના ધારાસભ્ય ચૈતર વસાવાએ નરેગામાં ફેલાયેલા ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. નરેગા હેઠળ આ લોકો ખોટા રેકોર્ડ ભરે છે, કામ થતું નથી છતાં બતાવે છે કે કામ થયું છે અને તેમના મંત્રીઓ અને નેતાઓ પૈસા ખાઈ જાય છે. જ્યારે ચૈતર વસાવાએ રેકોર્ડ માંગ્યા ત્યારે તેમને પકડીને જેલમાં નાખી દીધા. ચૈતર વસાવા અને પ્રવીણ રામ જનતા માટે લડી રહ્યા હતા. તેથી તેમને ચાર-ચાર મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યા. જે કોઈ તેમના વિરુદ્ધ અવાજ ઉઠાવે છે તેને તેઓ પકડીને જેલમાં નાખી દે છે.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે આજે આપણા યુવાનો બેરોજગાર ફરી રહ્યા છે અને જ્યારે તેઓ રોજગાર માંગવા જાય છે ત્યારે તેમના હાથમાં નકલી દારૂની બોટલ પકડાઈ દેવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાં નકલી દારૂ વેચાઈ રહ્યો છે અને તેના કારણે ન જાણે કેટલા બાળકોના મોત થયા છે. યુવાનોના હાથમાં કોકેઈન, હેરોઈન અને ગાંજાની પડીકીઓ પકડાઈ દેવામાં આવે છે. તેઓ આપણા બાળકો અને પરિવારોને બરબાદ કરવામાં લાગેલા છે. હું ગુજરાતના ઘણા એવા પરિવારોને જાણું છું જેઓના બાળકો નકલી દારૂ પીવાથી અને ડ્રગ્સ લેવાના કારણે મરી ગયા અને તેમના ઘરો બરબાદ થઈ ગયા. પરંતુ દોષ આપણો પણ છે. આપણા બાળકો મરી રહ્યા છે, બરબાદ થઈ રહ્યા છે, છતાં આપણે જઈને કમળનું બટન દબાવી આવીએ છીએ. આપણે ક્યારે જાગીશું? આપણે હજી કેટલા પરિવારોના બરબાદ થવાની રાહ જોઈ રહ્યા છીએ?

અરવિંદ કેજરીવાલે કહ્યું કે મોરબીનો પુલ તૂટી ગયો ત્યારે ૧૪૦ લોકોના મોત થયા, વડોદરામાં પુલ તૂટી ગયો ત્યારે ૨૨ લોકો મરી ગયા. છેલ્લા ૫ વર્ષમાં ૧૨ પુલ તૂટી ગયા છે. આપણે હજી કેટલી મોતોની રાહ જોઈ રહ્યા છીએ? એક ગરીબ ખેડૂત પોતાની જમીન અને પત્નીના દાગીના વેચીને પોતાના બાળકને ભણવા મોકલે છે. તે બાળક અમદાવાદ, સુરત, રાજકોટ જેવા શહેરોમાં જઈને દિવસ-રાત મહેનત કરે છે, પરંતુ જ્યારે પરીક્ષા આપવા જાય છે ત્યારે પેપર લીક થઈ જાય છે. અહીં દરેક પેપર લીક થઈ રહ્યું છે અને લાખો બાળકોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. શું આપણે ત્યારે પણ ચૂપ રહીશું? શું પેપર લીક થતા રહેશે, ભ્રષ્ટાચાર ચાલતો રહેશે, રસ્તાઓ તૂટતા રહેશે, પ્રાઈવેટ સ્કૂલો લૂંટતી રહેશે અને સરકારી હોસ્પિટલોમાં બાળકો મરતા રહેશે અને આપણે ચૂપ રહીશું?

---

# રાજયમાં છેલ્લા બે વરસમાં પરમીટ વગર દારૂ પીતા ૩૨૪૬૫ પકડાયાઃ તમામ લોકો વિરૂધ્ધ નોંધાઈ પોલીસ ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધીની અમલવારી વચ્ચે વરવી વાસ્તવિકતા બહાર આવી છે. પોલીસે અમદાવાદ અને વડોદરાથી ૩૨૪૬૫ લોકોને પકડી પાડયા છે. બે વરસમાં પરમીટ વિના દારૂ પીનારા અંગે વિધાનસભા ગૃહમાં સવાલ કરાયો હતો.

અમદાવાદમાંથી ૧૭૩૧૧ અને વડોદરામાંથી ૧૫૧૫૪ પીધેલા પકડાયા હોવાનુ ગૃહમાં સરકારે કબુલ્યુ હતું. આ તમામ લોકો સામે કેસ નોંધવામાં આવ્યા હોવાનુ પણ સરકારે જણાવ્યુ હતું. વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળમાં દારૂની હેરાફેરી અંગે કરવામાં આવેલા સવાલના જવાબમાં સરકાર ના મંત્રીએ કહ્યુ હતુ કે રાજયની બોર્ડર પરથી ૩૮ કરોડનો દારૂ ઝડપાયો છે. બે વરસમાં મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની ચેકપોસ્ટ



પરથી વિદેશી દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કરાયો છે. વિદેશી દારૂની ૧૦,૪૬,૮૫૫ બોટલ પકડાઈ છે. જેની કિંમત ૩૮ કરોડ કરતા વધુ થાય છે. પોલીસે દારૂના જથ્થા સાથે ૧૦૧૮ આરોપીઓને પણ પકડી પાડયા છે. જયારે હેરાફેરીમાં સંડોવાયેલા ૧૪૧ ને પકડવાની કામગીરી બાકી હોવાનુ સરકારે કબુલ્યુ હતું. કોંગ્રેસના ધારાસભ્યના સવાલનો ગૃહમંત્રી દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો.

---

# હિંમતનગરમાં મેરેજ બ્યુરો આડમાં યુવકોને શિકાર બનાવતી લુંટેરી દુલ્હનની ગેંગ ઝડપાઈ

## મેરેજ બ્યુરોની આડમાં લગ્ન વાંચ્છુક યુવકો બન્યા ભોગઃ લુંટેરી દુલ્હન ગેંગના ૯ સભ્યો આચરતા કૌભાંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના કાંકણોલ રોડ પર આવેલ અર્બુદાનગર સોસાયટીમાં રહેતા પરીવારે પોતાના ઘરે જ દિવ્ય શકિત મેરેજ બ્યુરો ના નામથી મેરેજ બ્યુરો ચલાવતા હતા. જેમાં લગ્ન એજન્ટ તરીકે ઓળખ આપી તેઓના મળતીયાઓ મારફતે લગ્ન



વાંચ્છુક યુવાનો સાથે બોગસ લગ્ન કરાવી કોઈપણ બહાના હેઠળ છુટાછેડા લેવડાવી છેતરપીંડી આચરતા હતા.

આ ઘટનામાં મનોજ બાબુલાલ સોની અને તેની પત્ની કવિતા મનોજભાઈ સોની સહિત ૯ વ્યકિતઓ અલગ અલગ લગ્ન વાંચ્છુક યુવાનોને પોતાની જાળમાં ફસાવી લાખો રૂપીયા પડાવી લેતા હતા.

જો કે છેતરપીંડી નો ભોગ બનેલ યુવકે પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા આખુ કૌભાંડ બહાર આવ્યુ હતું અને પોલીસે છેતરપીંડી આચરનાર મનોજ બાબુલાલ સોની અને તેની પત્ની કવિતા મનોજ સોની, બિરેન્દ્ર ભુટા મહતો, દિવ્યાબેન સજજનભાઈ સોનીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

---

# વિધાનસભામાં બાળકો, મહિલાઓ ગુમ થવાનો મુદ્દો ઉછળ્યોઃ ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ઉઠાવ્યો સવાલઃ ૮ બાળકો હજુ મળ્યા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ગુમ થતા બાળકો અને મહિલાઓનો મુદ્દો ઉછળ્યો હતો. ધારાસભ્ય વિમલ ચુડાસમા દ્વારા આ ગંભીર મુદ્દે સરકારને સવાલ પુછવામાં આવ્યો હતો કે વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન કેટલા બાળકો ગુમ થયા છે.

ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ગૃહમાં પુછેલા સવાલમાં જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં કેટલા બાળકો અને મહિલાઓ ગુમ થઈ છે અને તેમની શોધખોળ માટે શું કાર્યવાહી કરવામાં



આવી છે. આ સવાલના જવાબમાં રાજય સરકારના મંત્રીએ જણાવ્યુ હતુ કે ગુમ થયેલા બાળકોને શોધવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને પોલીસ દ્વારા વિવિધ પગલા લેવામાં આવ્યા છે. પરંતુ વિમલ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા આપવામાં આવેલો જવાબ સ્પષ્ટ નથી અને ગોળ ગોળ જવાબ આપવામાં આવે છે. તેમના જણાવ્યા મુજબ હજુ સુધી કુલ ૮ બાળકો મળી આવ્યા નથી, તેમાં ગીર સોમનાથ જિલ્લાનુ ૧ બાળક અને જુનાગઢ જિલ્લાના ૭ બાળકોનો સમાવેશ થાય છે, ચુડાસમાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ મામલે માનવ તસ્કરી અથવા કોઈ ગેંગ ની સંડોવણી છે કે નહી તે અંગે પણ સરકાર તરફથી કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો નથી. તેમણે સરકાર પાસે માંગ કરી હતી કે ગુમ થયેલા બાળકો અને મહિલાઓને વહેલી તકે શોધી કાઢવા માટે ખાસ કાર્યવાહી કરવામાં આવે, આ મુદ્દે ગૃહમાં ચિંતા વ્યકત કરવામાં આવી હતી અને ભવિષ્યમાં આવા બનાવોને રોકવા માટે વધુ સચોટ અને અસરકારક પગલા લેવાની જરૂરીયાત પર ભાર મુકાયો હતો.


---

# વડોદરાના મકરપુરા એસટી ડેપો ને વડોદરા મનપાએ માર્યુ સીલઃ રૂ.૧.૧૪ કરોડનો મિલ્કત વેરો બાકી

## નોટીસની અવગણના થતા કાર્યવાહીઃ પોલીસ બંદોબસ્ત સાથે ડેપોને કરાયો સીલ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા મહાનગરપાલિકા દ્વારા બાકી મિલ્કત વેરાની વસુલાત માટે આકરૂ વલણ અપનાવી ખાનગી મિલ્કતો બાદ હવે સરકારી મિલ્કતો સામે પણ કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા મકરપુરા એસટી બસ ડેપો પર મનપા ના ટેક્ષ વિભાગે સીલીંગ કાર્યવાહી હાથ ધરી હતી.




જીએસઆરટીસી માલીકીનો મકરપુરા વિસ્તારમાં આવેલ એસટી બસ ડેપો પર લાંબા સમયથી અંદાજે રૂપીયા ૧.૧૪ કરોડ જેટલો મિલ્કત વેરો બાકી હતો. આસી. મ્યુનિસીપલ કમિશ્નર સુરેશ તુવરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે છેલ્લા એક વર્ષથી એસટી વિભાગે મિલ્કત વેરો ભર્યો ન હતો અને વ્યાજ સાથે કુલ ૧.૦૯ કરોડ રૂપીયા બાકી નીકળતા હતા, વડોદરા મહાનગરપાલિકા દ્વારા એસટી વિભાગને અગાઉ અનેક વખત મૌખિક તેમજ લેખિત નોટીસ તેમજ વોરન્ટ પાઠવવામાં આવ્યા હતા. તેમ છતાં એસટી વિભાગે વેરાની ભરપાઈ ન કરતા અંતે તંત્ર ને કડક પગલુ ભરવાની ફરજ પડી હતી. આજે સોમવારે સવારે વડોદરા મનપાની ટેક્ષ વિભાગની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે મકરપુરા એસટી ડેપો પર પહોચી હતી. વડોદરા મનપાની ટીમે મકરપુરા એસટી ડેપો પરીસરમાં આવેલ વહિવટી ઓફીસ, ટીકીટ વિન્ડો તેમજ કેટલાક અન્ય વિભાગોને સીલ કરીને જપ્તીની કાર્યવાહી હાથ ધરી હતી. સાથે જ સ્થળ પર જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરી હતી. જો કે આ કાર્યવાહી બાદ એસટી ડેપો તરફથી ટેલીફોનીક બાંહેધરી આપવામાં આવી હતી કે ટુંક સમયમાં બાકી વેરાની ચુકવણી કરી દેવામાં આવશે.

નાણાંકીય વર્ષ ના અંતિમ તબકકામાં મહાનગરપાલિકા પોતાની આવક વધારવા બાકીદારો પાસેથી વસુલાત કરવા કટીબધ્ધ છે. મ્યુનિસીપલ કમિશ્નરે અગાઉ જાહેર કર્યુ હતુ કે જો બાકીદારો તાત્કાલીક વેરો ભરી દે તો તેમને વ્યાજ માફી જેવી રાહત આપવામાં આવશે. પરંતુ વારંવાર નોટીસો આપવા છતાં વેરો નહી ભરનાર મિલ્કત ધારકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકાએ સ્પષ્ટ કહ્યુ છે કે સરકારી હોય કે ખાનગી, તમામ મિલ્કત ધારકો માટે નિયમો સમાન છે અને વેરો ભરવામાં ઢીલ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી નિશ્ચિત છે.

મકરપુરા એસટી ડેપો પર થયેલી આ સીલીંગ કાર્યવાહી બાદ શહેરના અન્ય મોટા બાકીદારોમાં પણ ચિંતા અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

---

# મહિલા દિવસે જ અંકલેશ્વરમાં મહિલા સાડા ત્રણ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર

ભરૂચ એસ.ઓ.જી.એ અંકલેશ્વરના મંગલદીપ સોસાયટીમાંથી એક મહિલાને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી છે. પોલીસે મહિલા પાસેથી ૩.૪૪૬ કિલોગ્રામ ગાંજો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૧.૭૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મહિલા દિવસે જ અંકલેશ્વરમાં મહિલા ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ હતી.જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણાની "નો ડ્રગ્સ ઈન ભરૂચ" ઝુંબેશ અંતર્ગત તમામ અધિકારીઓને કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે ભરૂચ એસ.ઓ.જી. સક્રિય બની હતી.એસ.ઓ.જી. પી.આઈ. ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો.